### નસવાડી તાલુકાના કુકાવટી ગામે 50 વર્ષ પછી પણ તંત્ર જાગ્યુ ખરુ

## લો લેવલ નો કોઝ વે તોડી 6 કરોડના ખર્ચે પુલની કામગીરી શરૂ

**આગામી** સમયમાં અશ્વિન નદી ઉપર પુલ બનશે તો 15 જેટલા ગામોને મોટો ફાયદો થશે



(પ્રતિનિધિ) નસવાડી, તા.13

નસવાડી તાલુકાના કુકાવટી ગામે 50 વર્ષ પછી લો લેવલ નો કોઝ વે તોડી 6 કરોડ ના ખર્ચે પુલ ની કામગીરી શરૂ થઈ. હાલ તો કોઝ વે તોડવાની કામગીરી ચાલી રહી છે જ્યારે નવા નિયમ મુજબ આર એમ સી પ્લાન્ટ પણ કોન્ટ્રાક્ટરે નાખવો પડશે

નસવાડી તાલુકાના કુકાવટી ગામે અશ્વિન નદી આવેલી છે અને તેના ઉપર લો લેવલ નો કોઝ વે હતો પરંતુ દર ચોમાસે લો લેવલ ના કોઝ વે ઉપર પાણી ફરી વળતા હતા 50 વર્ષ થી લોકો દુઃખ ભોગવતા હતા અને હેરાન પરેશાન થતા હતા.

ત્યારે સરકારે 6 કરોડ ના ખર્ચે 6 ગાળા નો બ્રિજ મંજૂર કરતા તેનો કોન્ટ્રાક્ટ નિયતી કન્ટ્રક્શન વડોદરા ને લાગ્યો છે હાલ તો આ લો લેવલ નો કોઝ વે તોડવાની કામગીરી ચાલી રહી છે લોકો ને નવો પુલ મળશે સાથે સરકાર ના નવા નિયમ મુજબ 5 કરોડ થી વધારે નું ટેન્ડર હોય અને કોક્રેટ ની કામગીરી હોય તેમાં આર એમ સી પ્લાન્ટ નાખવાનો ફરજિયાત સરકારે પરિપત્ર કરેલ હોવાથી નસવાડી તાલુકાના કુકાવટી ગામે કોન્ટ્રાકટર ને આર એમ સી પ્લાન્ટ નાખવા માટે જગ્યા નથી હાલ ખેતરો માં કપાસ ની ખેતી ની સિઝન છે.

જ્યારે આસપાસ કોઈ વિસ્તાર ખાલી નથી જેના કારણે કોન્ટ્રાકટર ને આર એમ સી પ્લાન્ટ નાખવામાં પણ મુશ્કેલી પડશે જ્યારે પંચાયત માર્ગ મકાન વિભાગ ના અધિકારીઓ આર એમ સી પ્લાન્ટ નાખવા માટે કોન્ટ્રાકટર ને મૌખિક સૂચના પણ આપી દીધી છે હાલ તો નસવાડી નજીક અશ્વિન નદી ઉપર પુલ બનશે તો 15 જેટલા ગામોને મોટો ફાયદો થશે.

## કરજણ તાલુકા મથકે બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર ચાલુ કરવા DEOને રજૂઆત

શિનોર : કરજણ તાલુકામાં ધોરણ ૧૨ સાયન્સ ના વિધાર્થીઓ માટે કરજણ તાલુકા મથકે બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર ચાલુ કરવા માટે લેખિતમાં જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી માં રજૂઆત કરવામાં આવી... કરજણ તાલુકાના ધોરણ ૧૨ સાયન્સ ના વિધાર્થીઓ ને બોર્ડ ની પરીક્ષા આપવા માટે ડભોઇ ખાતે જવું પડે છે અને છેલ્લા કેટલાય વર્ષોથી વિધાર્થીઓ અને વાલીઓ બોર્ડ ની પરીક્ષા માં ભારે હાલાકી નો સામનો કરી રહ્યા છે જે બાબત ની રજૂઆત અમો ને મળી હતી.. જેથી અમો આજ રોજ વડોદરા ખાતે આવેલ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ની કચેરી માં વહીવટી અધિકારી એસ.બી.સંગાડા અને શિક્ષણ ઈન્સ્પેક્ટર અધિકારી શ્રી બી.જે. વણઝારા સાહેબ ને રૂબરૂ મળીને લેખિત થતા મૌખિક રજૂઆત કરી કે મારા તાલુકાના ધોરણ ૧૨ સાયન્સ ના વિધાર્થીઓ ને બોર્ડ ની પરીક્ષા આપવા માટે ડભોઇ ખાતે જવું પડે છે અને વિધાર્થીઓ અને વાલીઓ નો સમય અને નાણાં નો વ્યવ થાય છે.પરીક્ષા નો મહત્વ નો સમય આવવા જવા માં વેડફાય જાય છે..

## બોડેલીમાં ચાર રસ્તા પરની દુકાનો સહિત 17 જગ્યાઓ પર નોટિસ




(પ્રતિનિધિ) બોડેલી, તા.13

બોડેલીમા નગરપાલિકા દ્વારા ચાર રસ્તા પર આવેલ દુકાનો સાથે 17 જેટલી જગ્યાઓ પર નોટિસ અપાતા નગરજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે. છોટાઉદેપુર જિલ્લાના બોડેલી શહેરના વ્યસ્ત અલીપુરા ચાર રસ્તા પર અલીખેરવા ગ્રામ પંચાયત દ્વારા વર્ષો પહેલાં શોપિંગ કોમ્પ્લેક્સનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

હાલ અહીં ખાણીપીણી સહિતના વિવિધ વેપાર ધંધા ચાલી રહ્યા છે અને રોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. ધબધતો તો માહોલ ત્યાં જોવા મળે છે વરસાદી સીઝનમાં પાણી ભરાવાની સમસ્યાને લઈ થયેલી એક ઓનલાઈન અરજી બાદ નગરપાલિકાએ દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરી છે. આ અંતર્ગત નગરપાલિકાએ કોમ્પ્લેક્સના નકશા, બાંધકામની પરવાનગી અને પ્રોપર્ટી કાર્ડ સહિતના દસ્તાવેજો 7 દિવસમાં રજૂ કરવા નોટિસ આપી છે. અચાનક નોટિસથી દુકાનદારોમાં ભયનો માહોલ છે.

દુકાનદારોનું કહેવું છે કે ગ્રામ પંચાયત દ્વારા કાયદેસર હરાજીથી દુકાનો ફાળવવામાં આવી હતી અને તેઓ નિયમિત ભાડું ચૂકવે છે. નગરપાલિકા તંત્રનું કહેવું છે કે દસ્તાવેજોની તપાસ બાદ જ આગળની કાર્યવાહી નક્કી થશે. સમગ્ર મામલે બોડેલી શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે અને આવનારા દિવસોમાં મુદ્દો વધુ ગરમાય તેવી શક્યતા છે. હવે જોવું એ રહ્યું એ આગળ શું થાય છે.

## ડભોઇ એસ.ટી.ડેપો ખાતે મહિલા જાગૃતિ અંગે નાટક યોજાયું

(પ્રતિનિધિ) ડભોઇ, તા.13

ડભોઇ એસ.ટી. ડેપો ખાતે સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા મહિલાઓમાં જાગૃતિ લાવવા જાહેર સ્થળે નાટ્યાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં “રંગલો” અને “રંગલી”ના પાત્રો દ્વારા રમૂજી અને સંદેશાત્મક નાટક ભજવી મહિલાઓને મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન એસ.ટી. ડેપો ખાતે મુસાફરી માટે ઉભેલી મહિલાઓ તેમજ કોલેજ, હાઈસ્કૂલ અને શાળામાં અભ્યાસ કરતી વિધાર્થિનીએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને નાટક દ્વારા રજૂ કરાયેલી મહિલા જાગૃતિની માહિતી રસપૂર્વક માણી હતી. નાટક મારફતે સરકાર દ્વારા મહિલાઓને આપવામાં આવતી સુરક્ષા, સમાજમાં મહિલાઓને મળતું સન્માન, મહિલાઓ પર થતા અત્યાચાર, તેના નિવારણ માટેના પગલાં તેમજ કાનૂની, પોલીસ અને એન.જી.ઓ. જેવી મહિલાઓને મદદરૂપ થતી સંસ્થાઓ અંગે તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી.

## સાવલી-ઉદલપુર ચાર માર્ગીય રોડની કામગીરીમાં બેદરકારી, પાઈપલાઈન તૂટી, હજારો લીટર પાણીનો વેડફાટ

**પાણીની** તંગી વચ્ચે નગરજનોમાં રોષ, તાત્કાલિક રિપેરની માંગ



(પ્રતિનિધિ) સાવલી, તા.13

સાવલી તાલુકાના ઉદલપુર-સાવલી ચાર માર્ગીય રોડના નવીનીકરણની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. રોડની બાજુમાંથી પસાર થતી સાવલી નગરને પાણી પૂરું પાડતી પાઈપલાઈન રોડના ખોદકામ દરમિયાન તૂટી જતા હજારો લીટર પીવાનું પાણી વ્યર્થ વહી ગયું છે. આ ઘટનાને લઈને તાલુકા તથા નગરજનોમાં તંત્રની બેદરકારી સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

નગરજનો દ્વારા વહેલી તકે પાઈપલાઈન રિપેર કરી પાણી પુરવઠો પુનઃ શરૂ કરવાની તેમજ રોડ કામગીરી દરમિયાન થયેલી લાપરવાહીના જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. વિકાસના કામોમાં બેદરકારીને કારણે જનતાને પાણી જેવી મૂળભૂત સુવિધાથી વંચિત થવું ન પડે તે માટે તંત્ર તાત્કાલિક અને અસરકારક પગલાં ભરે તેવી માંગ તેજ બની છે.

### બે વિભાગોના સંકલનના અભાવે નુકશાન

રોડની કામગીરી દરમિયાન પાણી પુરવઠા વિભાગ અને રોડ વિભાગ વચ્ચે યોગ્ય સંકલન ન હોવા તેમજ જવાબદાર અધિકારીઓના સુપરવિઝનના અભાવે આ ઘટના બની હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. જીસીબી અને અન્ય મશીનરીના ઉપયોગ દરમિયાન પાઇપલાઇન તૂટી ગઈ હોવા છતાં સમયસર પાણીનો સપ્લાય બંધ ન કરાતા પીવાના પાણીનો મોટો બગાડ થયો હતો. પરિણામે સાવલી નગરમાં પાણી પુરવઠો અનિયમિત બન્યો છે.

### પહેલેથી પાણીની તંગી, સ્થિતિ વધુ વિકટ

ઉલ્લેખનીય છે કે સાવલી નગરમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણીની તંગી વર્તાઈ રહી છે અને પાલિકા દ્વારા ટેન્કરથી પાણી પુરું પાડવામાં આવી રહ્યું છે. બે દિવસ અગાઉ પૂરતું પાણી ન મળતા મહિલાઓએ પાલિકામાં જઈ હોબાળો પણ કર્યો હતો. આવી સ્થિતિમાં નગરને પાણી પૂરું પાડતી મુખ્ય પાઇપલાઇન તૂટી જતા સ્થિતિ વધુ ગંભીર બની છે.

### સ્વર્ગસ્થ પુત્રની સ્મૃતિમાં માતા-પિતાએ ધાર્મિક કાર્યક્રમ રાખ્યો

## શિનોરના સતિષાણા ગામે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન



(પ્રતિનિધિ) શિનોર, તા.13

શિનોર તાલુકાના સતિષાણા ગામે પોતાના લાડકવાયા સ્વર્ગસ્થ પુત્રની પાવન સ્મૃતિને હૃદયથી સંજોવનાર પિતા ભાસ્કરભાઈ પુરોહિત તથા માતા રમાબેન પુરોહિત દ્વારા સાત દિવસીય શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ કથા સપ્તાહનું ભવ્ય આયોજન કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા છે.શિનોર તાલુકા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ તથા સતિષાણા ગામના વતની ભાસ્કરભાઈ પુરોહિત અને તેમની ધર્મપત્ની રમાબેન પુરોહિત દ્વારા પોતાના સ્વર્ગસ્થ પુત્ર હાર્દિક ઉર્ફે લખુની પાવન સ્મૃતિમાં તારીખ 7 ડિસેમ્બરથી 13 ડિસેમ્બર દરમિયાન શ્રીમદ્ ભાગવત કથા યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. આ સંગીતમય ભાગવત કથાનું રસપાન વ્યાસપીઠ પરથી આચાર્ય શ્રી રૂપેશભાઈ શાસ્ત્રી (સીતારામ) દ્વારા કરાવવામાં આવી રહ્યું છે. ભાગવત કથાના વિવિધ પ્રસંગોના ભાવસભર અને સજીવ નિરૂપણ દ્વારા આચાર્યશ્રીએ ભક્તજનોને આધ્યાત્મિક રસમાં લીન કરી દીધા છે.કથાના છઠ્ઠા દિવસે “વ્યસન કરો પણ શેનું કરો” વિષય ઉપર આચાર્યશ્રી દ્વારા કરાયેલ પ્રવચન દરમિયાન ઉપસ્થિત ભક્તજનો ભાવવિભોર બની ગયા હતા. આજરોજ રુક્મિણી વિવાહ તથા અંતિમ દિવસે સુદામા ચરિત્રના રસપાન સાથે કથા પૂર્ણ થનાર છે. આ ધાર્મિક આયોજનનો લાભ સતિષાણા ગામના ગ્રામજનો તેમજ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો લઈ રહ્યા છે.

### રસ્તો બનાવો...રસ્તો રીપેર કરાવો...ના નારા લગાવ્યા

## સંખેડા ડભોઇ વાયા કરનેટ રોડ બિસ્માર હાલતમાં, કોંગ્રેસ કાર્યકર્તાઓએ વિરોધ કર્યો

**છેલ્લા** લગભગ દોઢ બે વર્ષથી સંખેડા થી ડભોઈ ને જોડતો વાયા કરનેટ રોડ બેસમાર બન્યો છે



(પ્રતિનિધિ) સંખેડા, તા.13

સંખેડા અને ડભોઈને જોડતો વાયા કારણેટ વાળો રોડ ઘણા સમયથી બીમાર હાલતમાં છે જેનું સમારકામ કરાતુ ન હોવાના કારણે સંખેડા અને ડભોઈ તાલુકાના કોંગ્રેસના કાર્યકર્તાઓએ બિમાર રસ્તા ઉપર ઉભા રહી વિરોધ પ્રદર્શન કર્યું હતું. રસ્તો બનાવો રસ્તો રીપેર કરાવો ના નારા લગાવ્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા લગભગ દોઢ બે વર્ષથી સંખેડા થી ડભોઈ ને જોડતો વાયા કરનેટ રોડ બેસમાર બન્યો છે સામાન્ય રીતે ચોમાસા દરમિયાન તંત્ર દ્વારા આવા ખાડા વાળા રસ્તાઓ ઉપર પેજ વર્ક કરાતા હોય છે પરંતુ આ રસ્તા ઉપર ઠેર ઠેર મોસ્ટ મોટા ગાબડા પડ્યા હોવા છતાં તેનું સમારકામ નથી થયું કે તેને નવો રસ્તો બનાવો જેને લઈ સંખેડા અને ડભોઈ તાલુકાના કોંગ્રેસ કાર્યકર્તાઓ રસ્તા ઉપર ઉતર્યા હતા તેઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

રસ્તો બનાવો રસ્તો રીપેર કરાવો ના નારા લગાવ્યા હતા સંખેડા અને ડભોઈ તાલુકાના રહીશો માટે વાયા કરનેટ રોડ ખૂબ જ આશીર્વાદરૂપ છે આ રસ્તા નું રીપેરીંગ કામ કરવામાં અથવા નવો બનાવવા માંગ કરી રહ્યા હતા આ વિરોધ પ્રદર્શન પ્રસંગે સંખેડા તાલુકા ના કોંગ્રેસ પ્રમુખ યોગેન્દ્રસિંહ વર્ણામિયા અને ડભોઈ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુધીરભાઈ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ

ટચૂકડી

મંગળવાર, શુક્રવાર, રવિવાર

હવે શબ્દ દીઠ ₹૯ +(GST)

ઓછામાં ઓછા ૧૨ શબ્દો

: જાહેરખબર આપવા માટે મળો :

ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબુતર, મચ્છર જાળી**

ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**

લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**

LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**જમીન પુરાણ માટેનો**

મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**લાઈફ હિંચકાના કડાં,**

અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**હિંચકાના કડાંવાલા**

કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

મિલ્કત વેચવાની છે

**વેચવાનું છે.**

37 લાખમાં કબજા રસીદવાળું ગ્રાઉન્ડ સાથે એક માળવાળું નવું મકાન બાંધકામ સાઈઝ 12 X 38 બમરોલી રોડ બેંક ઓફ બરોડાની સામે વેલકમ પાન સર્કલ રોડથી નજીક સુરત. મોબાઈલ- 9274429138 (646)

**નવસારીમાં ફ્લેટ**

વેચવાનો છે. 3 BHK ફર્નીચર સાથે તીઘરા, દેવીના પાર્ક સોસાયતી પ્રિન્સ એવન્યુ બી માં ૪થે માળે 9173428844

**પ્લોટ વેચવાનો છે.**

પ્લોટ નંબર 70, 192 વાર, રીયલ રેસીડેન્સી, સાઈબાબા મંદિર પાછળ, સરોલી. 8469947500

**PRESIDENT PEST CONROL**

35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**3/ 4 BHK ફ્લેટ**

વેચવાનો. નવું બાંધકામ. પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે.**

પાલ. (નવું બાંધકામ) 9909601200

**પ્લોટ વેચવાનો છે.**

પાલ. 9909601200

**વેચવાનું છે**

કોર્નર રોહાઉસ 236 ચો. વાર, 3 કાર પાર્કિંગ, 3 બેડરૂમ, હોલ, કીચન + સ્ટોર, સોલાર, ફુલ્લી ફર્નીશ મહાલક્ષ્મી મંદિર પાસે, આનંદમહેલ રોડ, અડાજણ. 9426807658 (673)

**2 BHK**

1250 Sq.ft ફર્નિશ ફ્લેટ વેચવાનો છે આનંદમહલ રોડ ટચ. 9825233236

**ઓફિસ વેચવાની છે**

CA, વકીલ, શેરબજાર, આર્કેટેક બે લીફ્ટ, ડબલ બેઝમેન્ટ પાર્કીંગ પાર્લે પોઈન્ટ 98792760763 (678)

**વેસુમાં ફ્લેટ**

વેચવાનો છે રાજહંસ સિમ્ફોનિયામાં 3 બેડરૂમ 9879276073 (679)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**

સ્નોફ્લોની મજા માણવા ફેબ્રુઆરીમા કાશ્મીર mo: 9427803273 / 9825142005 (669)

**સાગર 9427113317**

નાતાલની રજામાં સોમનાથ, દ્વારકા, સારંગપુર, દિવસ ત્રણ, મહાકાલેશ્વર, ઉજ્જૈન, ઓમકારેશ્વર,

**Date- 22/12,**

ખાટુંશ્યામ, ગોકુલ, મથુરા. રૂપિયા- 6500/. Mobile: 9913164330

વાહન લે-વેચ

**ટેમ્પો જોઈએ છે**

ફોરવીલ/ થ્રીવ્હીલ પ્રખ્યાત ઓઈલ કંપનીની પ્રોડક્ટની ડિલિવરી માટે અતુલ શક્તિ/ છોટે હાથી ફિક્સ ભાડામાં ( સુરત તેમજ આજુબાજુના વિસ્તારના જાણકાર) રૂબરૂ મળો: બ્લૉક નંબર ૧૫ એ પ્લોટ નંબર ૧૩ આરોગ્ય ભવનની સામે ઉધના રોડ નંબર -૯ ઉધના mo: 9327939101 (668)

મિલ્કત ભાડે -વેચાણ

**ભાડે વેચાણ**

આપવાનુ છે ઉધના સંઘ બી. આર. સી પ્લોટ શેડ વેર હાઉસ શોરૂમ ૭૦૦૦ વાર ૩૦૦૦ વાર ૧૦૦૦ વાર ૬૦૦ વાર પ્લોટ ૨૫૦૦૦ ફૂટ શેડ ૧૫૦૦૦ ફૂટ ૫૦૦૦ ફૂટ ભાડાની આવક પ્રોપટી 8200006737 (j)

**૨ દુકાન વેચવાની છે**

સફલ સ્કવેર, વેસુ માં ગ્રાઉન્ડ ફલોરની ૨ દુકાન વેચવાની છે

સંપર્ક: 8849529425

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**

756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત ભાડેથી

**ભાડે જોઈએ છે**

બંગલો, રોહાઉસ અથવા પાકું મકાન, ઉમરા, પીપલોદ, ઘોડદોડ રોડ, ચાયના ગેટ , ઉધના મગદલ્લા ગાંધીકુટિરથી ચંદ્રમણી સોસાયટી, રૂસ્તમપુરા વિસ્તારમાં 3 બેડરૂમ અને પાર્કીંગ સાથે, કોન્ટેક્ટ: કિરીટભાઈ 7227010525 (666)

ભાવ એવો કે વિશ્વાસ નઈ થાય

૧૦૪ વાર, ૧૨૫ વારના ઓપન પ્લોટ

ગૌરવ પથ રોડ પર વેચવાના છે

પાલ-ઉમરા બ્રિજની નજીક પાલમાં ફાયદાના ભાવમાં નવુ 2/3 BHK ફ્લેટ વેચવના છે.

7984818024

**ડુમસમાં SNS**

મરીનામાં 2 BHK ફુલ્લી ફર્નિશ ફ્લેટ ભાડે આપવાના છે. કોન્ટેક્ટ- 7043411765, 9825466765

**સચિન હોજીવાલા**

થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

**વી.આર મોલની સામે**

સુમન સાગરમાં ફ્લેટ ભાડે આપવાનો છે કોન્ટેક્ટ- 7043411765, 9825466765

**મેઇન રોડ ટચ**

તૈયાર દુકાન ભાડે આપવાની છે પાર્લર હેર કટીંગ સલૂન લાયક જાની ફરસાણની બાજુમાં પાર્લેપોઈન્ટ કોન્ટેક્ટ- 7043411765, 9825466765

**ઓફિસ/ રેસ્ટોરન્ટ**

લાયક દુકાન ભાડે આપવાની છે મેઈન રોડ ટચ પીપલોદ કોન્ટેક્ટ- 7043411765, 9825466765

નોકરી વિષયક

**વોક ઈન ઈન્ટરવ્યુ**

ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી NACP- V પ્રોગ્રામ અંતર્ગત ચાલતી સંસ્થા એકતા મહિલા મંડળ સુરત દ્વારા કાર્યરત પ્રોજેક્ટ માટે હંગામી ધોરણે ભરતી કરવાની છે. પોસ્ટ- આઉટરીસ વર્કર- 1 લાયકાત- ગ્રેજ્યુએટ. પગાર- 10500 + T.A ઈન્ટરવ્યુની તારીખ- 19/12/25 સમય સવારે 11:00 કલાકે નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટવ્યું રાખવામાં આવેલ છે. એડ્રેસ- એકતા મહિલા મંડળ- 2/4387 ઈચ્છા મહિલા શેરી, જૂની મહાવીર હોસ્પિટલની બાજુમા, સગરામપુરા સુરત. મો: 9898225782

**વોક ઈન ઈન્ટરવ્યુ**

(GSACS સંચાલિત) એકતા મહિલા મંડળ- LWS તાપી લીંક વર્કર પ્રોજેક્ટ માટે જોઈએ છે. પોસ્ટ- (1) ઝોનલ સુપર વાઈઝર- 1 (ઉચ્છલ બ્લોક) લાયકાત - M.S.W/ પગાર- 10500 + T.A 2000 (2) કલસ્ટર લિંક વર્કર- 1 (નિઝર બ્લોક) લાયકાત- 12 પાસ / ગ્રેજ્યુએટ, પગાર- 6050+ T.A. 2400 (ઉચ્છલ અને નિઝર તાલુકા માટે પ્રતિક્ષા યાદી) ઓપન ઈન્ટરવ્યુ તારીખ:- 23/12/25 સમય: 10:00 કલાકે, સ્થળ:- પ્લોટ નં:- 2 જલ દર્શન સોસાયટી માણેકપુર ઉચ્છલ નિઝર રોડ, ઉચ્છલ જી- તાપી મો:- 9773464537

**હોટેલ માટે સ્ટાફ**

જોઈએ છે પાર્ટ ટાઈમ- ફુલ ટાઈમ/ ભાઈઓ- બહેનો પરચુરણકામ/ સફાઈકામ માટે રીસેપ્શન માટે કોમ્પ્યુટર ચલાવી શકે તેવા રહેવા જમવાની સગવડ મળી જશે. સંપર્ક: 9898056756 (667)

**કતારગામમાં**

સોમનાથ પાવભાજીના મસાલા માટે, અનુભવી સેલ્સમેન જોઈએ છે. MO: 9825272490

**જોઈએ છે**

વેલ્ડર, ફીટર, સ્ટોરકીપર, વાયરમેન (ફ્રેશર) ગાયત્રી એન્જીનીયર્સ, દેલાડ, સાયણ. 8734813000 (682)

**રસોઈયા ભાઈ કે બહેન**

જોઈએ છે આખો દિવસ ઘર માટે એરિયા સીટીલાઈટ MO:- 7405279167

**ઓપન ઈન્ટરવ્યુ**

ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાનિત લોકસમર્પણ ટ્રસ્ટ સુરતમાં ચાલતા સંપુર્ણ સુરક્ષા કેન્દ્રમાં આઉટરીચ વર્કરની ફિક્સ પગારથી ભરતી નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. પોસ્ટ આઉટરીચ વર્કર- ૧ (૧૨ પાસ) પગાર ૧૦,૫૦૦/- ઈન્ટરવ્યુ તારીખ- ૧૮/૧૨/૨૦૨૫ સમય ૧૧ થી ૧ ઈન્ટરવ્યુ સ્થળ- લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર, મીરા નગર, મીની બજાર, સુરત મો- નંબર- ૯૯૨૫૩૩૧૮૮૪ (677)

**એક વ્યકિતની રસોઈ**

માટે બહેન સગરામપરા સુરતમા જોઈએ છે 8849938284 (672)

**ઓફિસ વર્ક**

અને એકાઉન્ટિંગ માટે સ્માર્ટ ફિમેલ (મેરીડ) જોઈએ છે. અડાજણ 9825704800

**પેટ્રોલ પંપ પર**

કામ કરવા માટે છોકરાઓ / છોકરીઓ જોઈએ છે ગજાનન પેટ્રોલિયમ, કતારગામ, સુરત. મો. 9157675490, 7041801379 (674)

લગ્ન વિષયક

**સુરત રહેતી**

37 વર્ષની કોળી પટેલ ડોક્ટર યુવતી માટે વેલ Educated યુવક આવકાર્ય 9512318416

**દિત્યા મેરેજ બ્યુરો**

ઉચ્ચ જ્ઞાતિના યુવક- યુવતીઓ માટે જીવનસાથીની પસંદગી માટે મળો. હીનાબેન ચોકસી મો. નં 7990156159 (675)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો

M. 9879663828

ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.